જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૧/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૯૫/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૪ | ૧૬૮૧૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૧ | ૦ | ૫૧ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૮૭ | ૭ | ૧૫૨૯૪ | ૧૬૧૨૯ | ૭ | ૧૬૧૩૬ |
| કુલ | | ૩૦૩૬૨ | ૭ | ૩૦૩૬૯ | ૩૯૦૨૪ | ૧૧ | ૩૯૦૩૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૨ | ૧૨,૭૬,૬00/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૮૫ | ૧૨,૮૫,000/- |

# ચોરીના ગુનાના આરોપીઓની અટકાયતની વિગત

## ક્રાઈમ બ્રાન્ચ

## મેલું/ગંદુ નાખી, નવી નોટો નાખી, ઓઈલ ટપકતું હોવાનું જણાવી, ગાડીઓના કાચ તોડી ચોરીઓ કરતી આંતર રાજ્ય નાયડુ ગેંગ (તૈલી ગેંગ) ના ચાર ઈસમોને રૂ. ૧,૫૦,૦૩૦/- ની મત્તાનો મુદ્દામાલ તથા ચોરી કરવાનાં સાધનો સાથે પકડી પાડી કુલ-૫૦ થી વધુ ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર તથા રાજ્યનાં અન્ય શહેરો તેમજ જિલ્લાઓમાં ભીડભાડવાળી જગ્યા, જાહેર માર્ગો ઉપર તથા પાર્કીંગવાળી જગ્યાઓએ એકલ-દોકલ ગાડી ચાલક/માલિકની આજુબાજુમાં ૧૦-૧૦ ના દરની નોટો નાખી તેમજ શરીરે મેલું/ગંદુ નાખી ગાડીમાંથી ઓઈલ ટપકતું હોવાનું જણાવી તેમજ પાર્ક કરેલ ગાડીઓના કાચ તોડી નજર ચુકવી ગાડીનો દરવાજો ખોલી ગાડીમાં મુકેલ લેપટોપ રોકડ રકમ તથા કિંમતી ચીજવસ્તુઓની ચોરીઓના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ નાઓએ સુચના આપેલ.

જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા અને આવા ગુનાઓ પાછળ રાજ્ય બહારની કોઈ ચોક્કસ ગેંગ સક્રિય હોવાની માહિતી મળેલ હોય આ દિશામાં પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૦૨/૧૧/૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો.ધીરજકુમાર લક્ષ્મણભાઈ તથા હે.કો. મેહુલકુમાર જ્યંતિલાલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે કાલુપુર રેલ્વે સ્ટેશનની સામે આવેલ ગાંધીનગર જવાના બસ સ્ટેન્ડ પાસેથી નાયડુ ગેંગ(તૈલી ગેંગ) ના ચાર ઈસમો

(૧) શંકર સ/ઓ મુર્ગેશ નાયડુ ઉ.વ.૩૦ રહે. હાલ રહે: કાલુપુર રેલ્વે સ્ટેશન અમદાવાદ શહેર મુળ વતન: ગામ વાકી પાડા, પોસ્ટ કરનજી, થાના. તા.નવાપુર, જિલ્લો નંદુરબાર, મહારાષ્ટ્ર
(૨) નાગરાજ સ/ઓ વીરાસ્વામી નાયડુ ઉ.વ.૪૦ રહે. સદર
(૩) સંતોષ @ ગોકુલ @ કાળીયો સ/ઓ રાજુકુમાર સુબૈયા નાયડુ ઉ.વ.૩૬ રહે. સદર
(૪) દિનેશ સ/ઓ પરમશિવા નાયડુ ઉ.વ.૨૦ રહે. સદર નાઓને પકડી પાડેલ.

પકડાયેલ આરોપીઓ પાસેથી ચોરીના મુદ્દામાલના રોકડા રુપિયા ૬૫,૭૦૦/- તથા ચોરી કરેલ લેપટોપ-૨, હાર્ડ ડીસ્ક-૧, પેન ડ્રાઈવ-૩, ચેકબુકો, ચાવીઓ તેમજ તેઓની પાસેથી ચોરી કરવા માટે ગાડીઓના કાચ તોડવા તેમજ ગાડીના દરવાજાનું લોક તોડવા માટેનાં સાધનો જેમાં રોકડા રૂ.૩૩૦/- ની ૧૦-૧૦ ના દરની નોટો, ડીસમીસ-૧, ચપ્પું-૧, છર્રાની થેલી, પારલે બિક્સીટનાં પેકેટ નંગ-૨ વિગેરે ચીજવસ્તુઓ મળી કુલ કિંમત રુપિયા ૧,૫૦,૦૩૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતાં તેઓ અમદાવાદ શહેર તથા આજુબાજુમાં આવેલ અડાલજ, કલોલ, કઠલાલ, પેટલાદ, વડોદરા શહેર, ખંભોળજ વિગેરે જગ્યાઓએ રેકી કરી કોઈ પાર્ક કરેલ કાર લોક મારેલ જોવા મળે તો તેની આજુબાજુ તપાસ કરી અને તે કારના કાચ વડે અંદર જોઈ કારમાં ચેક કરતા હતા. કારમાં જો કોઈ પર્સ કે બેગ કે બીજી કોઈ ચીજવસ્તુ જણાય તો તે કારની આજુબાજુમાં ગોઠવાઈ જતા અને કોઈ આવી ન જાય તેનું ધ્યાન રાખતા. આ સમયે તેઓ પૈકી કોઈ એક જણ તેઓ પાસેના નાના છરાઓ વડે કે ડીસમીસ તથા ચપ્પા વડે કારનો કાચ તોડી નાંખતો અને કારમાં જે પણ સર સામાન પડેલ હોય તે લઈને ચારેય જણા ત્યાંથી નીકળી જતા હતા. તેમજ ભીડભાડવાળી જગ્યાઓએ ૧૦-૧૦ ની નોટો રોડ ઉપર નાખી તથા બિસ્કીટનો ઉપયોગ કરી મેલું બનાવીને કોઈપણ માણસ ઉપર નાખી નજર ચુકવી પર્સ/બેગની ચોરી કરતા હતા.

આ રીતે તેઓએ નીચે મુજબના ગુનાઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) ચાંદલોડીયા બ્રીજની પાસે એક હોન્ડા કંપનીની ઝાઝ ગાડીનો કાચ તોડી રોકડા રૂ.૪૦૦૦/- તથા બીજા પરચુરણ કાગળો સાથેની બેગ ચોરી કરેલ.

(૨) પેટલાદ શાકમાર્કેટ પાસે એક એસેન્ટ કારમાંથી રોકડા રૂપિયા ૨૫૦૦૦/- તથા બીજા પરચુરણ કાગળો સાથેની બેગની ચોરી કરેલ.

(૩) આણંદ સારસા ગામમાં પ્રમુખરાજ ફેકટરી આગળ એક વેન્યુ કારમાંથી એપ્પલ કંપનીનું લેપટોપ કિં.રૂ. ૫૦,૦૦૦/- તથા રોકડા રૂ.૨૨,૦૦૦/- તથા બીજા બેંકના એટીએમ કાર્ડ તથા અન્ય કાગળો સાથેની બેગની ચોરી કરેલ.

(૪) અમદાવાદ રીંગ રોડ નજીક કઠલાલ ગામ કઠલાલ બજારમાં જનતા સ્ટોર પાસે છોટા હાથી ગાડીમાંથી રૂ.૬૭૦૦/- તથા પરચુરણ કાગળો સાથેના એક પર્સની ચોરી કરેલ.

(૫) અડાલજ કલોલ હાઈવે ઉપર બઝ્ઝા પેટ્રોલપંપ પાસે એક સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાંથી રોકડા રૂ.૮૦૦૦/-, લીનોવો લેપટોપ, હાર્ડ ડીસ્ક, પેન ડ્રાઈવ-૩, ચેકબુકો તથા બીજા કાગળો સાથેની બેગની ચોરી કરેલ.

(૬) વસ્ત્રાપુર એસ.જી.હાઈવે ગુરૂદ્વારા આગળ આઈ-૧૦ કારનો કાચ તોડી તેમાંથી એક લેપટોપ બેગ જેમાં હાર્ડ ડ્રાઈવ, ૪ પેન ડ્રાઈવ, યુ.એસ.બી. વાઈફાઈ-૨, રોકડ રૂ.૧૫૦૦/- તથા કિંમતી કાગળો ચેકબુકો વિગેરેની ચોરી કરેલ.

(૭) સને ૨૦૧૭ માં નારણપુરા સરદાર પટેલના સ્ટેચ્યુ પાસે એક બંગલા આગળ પાર્ક કરેલ વેગન આર કારનો કાચ તોડી જેમાં રોકડ રૂ.૨૦૦૦/-, સોનાની વીંટી તથા કાગળો સાથેના પર્સની ચોરી કરેલ.

(૮) ૨૦૧૭ ના માર્ચમાં નારણપુરા શિવાલીક યશ કોમ્પલેક્ષની બાજુમાં પાર્ક કરેલ મારૂતિ એસ્ટીમ કારનો કાચ તોડી ચેકબુક તથા અન્ય ચીજવસ્તુઓ સાથેની બેગની ચોરી કરેલ.

(૯) સને ૨૦૧૭ માં એલીસબ્રીજ પરીમલ ગાર્ડન પાસે મૈસુર બેંક રોડ ઉપર મહિન્દ્રા ગાડીનો કાચ તોડી લેપટોપ સાથેની એક બેગની ચોરી કરેલ.

(૧૦) સને-૨૦૧૭ ના ફેબ્રુઆરી માસમાં સોલા હાઈકોર્ટ વિસ્તારમાં સોલા ભાગવત વિધાપીઠ પાસે આવેલ વલ્લભ દર્શન બિલ્ડીંગ પાસે એન્ડેવર કારનો કાચ તોડી બેગની ચોરી કરેલ.

(૧૧) સને-૨૦૧૯ ના એપ્રિલ માસમાં આનંદનગર પ્રહલાદનગર લેન્ડ માર્ક બિલ્ડીંગના પાર્કિંગમાં પાર્ક કરેલ વેગન આર કારનો કાચ તોડી લેપટોપ તથા કિંમતી ચીજવસ્તુ સાથેની બેગની ચોરી કરેલ.

(૧૨) સને-૨૦૧૯ ના મે માસમાં સોલા એસ.જી.હાઈવે ગોતા લો-ગાર્ડન પાસે ખુલ્લા પાર્કિંગમાં પાર્ક કરેલ અલ્ટો કારનો કાચ તોડી તેમાં પડેલ બેગોની ચોરી કરેલ.

(૧૩) સને-૨૦૧૯ સપ્ટેમ્બર માસમાં શાહીબાગ સ્વામિનારાયણ મંદિર પાછળ આવેલ કબ્રસ્તાન પાસે પાર્ક કરેલ ક્રેટા કારનો કાચ તોડી રોકડ રૂ.૧૦૦૦૦/- તથા કાગળો સાથે બેગની ચોરી કરેલ.

(૧૪) સને ૨૦૧૭ માં સતાધાર ચાર રસ્તા પાસે આવેલ નિર્માણ ટાવર પાસેથી પાર્ક કરેલ એક ગાડીનો કાચ તોડી તેમાંથી લેપટોપની ચોરી કરેલ.

(૧૫) સને ૨૦૧૭ માં મ્યુ.કોર્પોરેશનની આગળ જાહેર રોડ ઉપર પાર્ક કરેલ એક ગાડીનો કાચ તોડી ગાડીમાં મુકેલ આઈપેડ, ચાર્જર તથા કાગળો સાથેની બેગની ચોરી કરેલ.

(૧૬) વીસેક દિવસ અગાઉ ગોતા ગામ પેટ્રોલપંપની સામે બ્રહ્માણી કરિયાણા સ્ટોર્સ આગળ એક એક્ટીવાના હુકમાં ભરાવેલ ટીફીન બેગમાંથી રોકડા રૂ.૪૫૦૦/- તથા ટીફીન સાથેની ટીફીન બેગની ચોરી કરેલ.

(૧૭) વીસેક દિવસ અગાઉ કાલુપુર રેલ્વે સ્ટેશનની સામે આવેલ ગાંધીનગર જવાના બસ સ્ટેન્ડ આગળથી એક પુરુષની નજર ચુકવી રૂ.૪૦૦૦/- સાથેના પર્સની ચોરી કરેલ.

(૧૮) વીસેક દિવસ અગાઉ કાલુપુર સર્કલ ખાતે રિક્ષામાં બેસી એક પુરુષના રોકડા રૂ.૨૫૦૦/- સાથેના પર્સની ચોરી કરેલ.

(૧૯) આજથી વીસેક દિવસ અગાઉ ગોતાથી છારોડી જવાના રોડ ઉપર બ્રિજના નાકે ન્યુયોર્ક ટાવર બસ સ્ટેન્ડ આગળ એક ફોર વ્હિલ ગાડીના કાચ તોડી તેમાંથી રોકડ રકમ રૂ.૫૦૦૦/- તથા કાગળો સાથેની બેગની ચોરી કરેલ.

(૨૦) આજથી વીસેક દિવસ અગાઉ વડોદરા બસ સ્ટેન્ડમાં એક ભાઈની નજર ચુકવી રોકડ રૂ.૩૦૦૦/- સાથેના પર્સની ચોરી કરેલ.

(૨૧) આજથી વીસેક દિવસ અગાઉ વડોદરા બસ સ્ટેન્ડમાંથી એક ભાઈની નજર ચુકવી રોકડ રૂ.૧૫૦૦/-તથા કપડાં અને કાગળો સાથેની બેગની ચોરી કરેલ.

(૨૨) વીસેક દિવસ અગાઉ વડોદરા ફતેગંજ બ્રિજની નીચે સેવન સીઝ મોલ આગળ એક ફોર વ્હિલ ગાડીનો કાચ તોડી રોકડ રૂ.૧૫૦૦૦/- તથા કાગળોની બેગની ચોરી કરેલ.

(૨૩) વીસેક દિવસ અગાઉ વડોદરા સયાજીગંજ કાલાઘોડા સર્કલ પાસે પાર્ક કરેલ એક ફોર વ્હિલ ગાડીનો કાચ તોડી રૂ.૧૫૦૦૦/-સાથેના એક લેડીઝ પર્સની ચોરી કરેલ.

(૨૪) વીસેક દિવસ અગાઉ વડોદરા જકાતનાકા ચોકડી કુમકુમ મેરેજ હોલ પાર્ટી પ્લોટ આગળ પાર્ક કરેલ એક ફોર વ્હિલ ગાડી વાળાને ૧૦-૧૦ ની નોટો નાખી તેની નજર ચુકવી ગાડીમાંથી રોકડ રૂ.૨૦૦૦૦/- સાથેની બેગની ચોરી કરેલ.

(૨૫) વીસેક દિવસ અગાઉ વડોદરા જકાતનાકાથી આગળ એક બાઈક વાળાના હુકમાં બેગ ભરાવેલ હોય જેમાં રૂ.૫૦૦૦/- સાથેની બેગની ચોરી કરેલ.

(૨૬) વીસેક દિવસ અગાઉ વડોદરા બસ સ્ટેન્ડમાંથી કપડાં તથા કાગળો સાથેના થેલાની ચોરી કરેલ.

(૨૭) આજથી વીસેક દિવસ અગાઉ વાસદ ચોકડી આસપાસથી એક લેડીઝના એક્ટીવાના હુકમાં ભરાવેલ પર્સ જેમાં રોકડા રૂ. ૩૫૦૦/- ની ચોરી કરેલ.

(૨૮) આજથી આશરે વીસેક દિવસ અગાઉ બોરસદ ચોકડી પાસેથી એક પુરુષના બાઈકના હુકમાં ભરાવેલ થેલો જેમાં રોકડા રૂ. ૫૦૦૦/- ની ચોરી કરેલ.

(૨૯) આજથી આશરે વીસેક દિવસ અગાઉ ખંભાત તારાપુર ચોકડી પાસેથી એક પુરુષના બાઈકના થેલામાંથી રોકડા રૂ. ૫૦૦૦/- તથા પરચુરણ કાગળોની ચોરી કરેલ.

(૩૦) વીસેક દિવસ અગાઉ પેટલાદથી ખંભાત જતા રોડ ઉપર એક ફોરવ્હિલનો કાચ તોડી એક બેગની ચોરી કરેલ. જેમાં રોકડા રૂ.૧૦૦૦૦/-તથા કાગળોની ચોરી કરેલ.

(૩૧) આજથી આશરે વીસેક દિવસ અગાઉ કલોલ હોટલથી આગળ ચાર રસ્તા ખાતે એક ભાઈના પેન્ટના ખિસ્સામાંથી રોકડા રૂ.૨૫૦૦/- સાથેના પર્સની ચોરી કરેલ.

(૩૨) વીસેક દિવસ અગાઉ કલોલ હોટલથી આગળ ચાર રસ્તા ખાતે એક ભાઈના મોટર સાયકલના હુકમાં ભરાવેલ થેલાની ચોરી કરેલ જેમાં પરચુરણ કાગળો તેમજ રોકડા રૂ.૩૦૦૦/- ની ચોરી કરેલ.

(૩૩) આજથી આશરે વીસેક દિવસ અગાઉ કલોલ અંબિકાનગર બસ સ્ટેન્ડ હાઈવે ખાતેથી બસમાં ચઢતી વખતે એક ભાઈના ખિસ્સામાંથી રોકડા રૂ.૩૦૦૦૦/- સાથેના પર્સની ચોરી કરેલ.

(૩૪) વીસેક દિવસ અગાઉ હલદરવાસ ચાર રસ્તા પાસે એક ફોર વ્હિલ ગાડીના કાચ તોડી રોકડા રુપિયા ૧૫૦૦૦/- તથા પરચુરણ કાગળો સાથેના થેલાની ચોરી કરેલ.

(૩૫) એકાદ વર્ષ અગાઉ યુ.પી. ના ઝાંસીથી ઉરીની વચ્ચે શિપોર માંથી એક પુરુષના બાઈકના થેલામાંથી રોકડા રૂ.૧,૫૦,૦૦૦/- સાથેની બેગની ચોરી કરેલ.

(૩૬) તેમજ આજથી આશરે બે ત્રણ વર્ષ અગાઉ યુ.પી. માં શુકલાગંજ વિસ્તારમાં અલગ-અલગ જગ્યાએ આશરે પાંચેક જેટલાં કામો મેલું નાખી તેમજ નોટોનાં બંડલ નાખીને તેમજ ગાડીઓના કાચ તોડીને તેમજ નજર ચુકવી કરેલ છે.

(૩૭) આજથી આશરે બે ત્રણ વર્ષ અગાઉ યુ.પી. ના કાનપુરમાં અલગ-અલગ જગ્યાઓએ આશરે દશેક જેટલાં કામો મેલું નાખી તેમજ નોટોનાં બંડલ નાખી તેમજ ગાડીઓના કાચ તોડી તેમજ નજર ચુકવીને કરેલ છે.

(૩૮) ગયા કુંભના મેળામાં યુ.પી. પ્રયાગરાજ ખાતે અલગ-અલગ જગ્યાઓએ ભીડભાડમાં આશરે ૪૦ થી વધારે કામો મેલું નાખી તેમજ નોટોનાં બંડલ નાખી તેમજ ગાડીઓના કાચ તોડી તેમજ નજર ચુકવીને કરેલ છે.

(૩૯) બે ત્રણ વર્ષ અગાઉ યુ.પી. પ્રતાપગઢ ખાતે અલગ-અલગ જગ્યાઓએ ભીડભાડમાં આશરે ૮ થી વધારે કામો મેલું નાખી તેમજ નોટોનાં બંડલ નાખી તેમજ ગાડીઓના કાચ તોડી તેમજ નજર ચુકવીને કરેલ છે.

(૪૦) બે ત્રણ વર્ષ અગાઉ યુ.પી. ના ઝાંસીમાં અલગ-અલગ જગ્યાઓએ ભીડભાડમાં આશરે ૨૦ થી વધારે કામો મેલું નાખી તેમજ નોટોનાં બંડલ નાખી તેમજ ગાડીઓના કાચ તોડી તેમજ નજર ચુકવીને કરેલ છે.

(૪૧) બે ત્રણ વર્ષ અગાઉ યુ.પી.ના ઉરઈમાં અલગ-અલગ જગ્યાઓએ ભીડભાડમાં આશરે ૨૦ થી વધારે કામો મેલું નાખી તેમજ નોટોનાં બંડલ નાખી તેમજ ગાડીઓના કાચ તોડી તેમજ નજર ચુકવીને કરેલ છે.

**શોધાયેલ ગુન્હા**

(૧) સોલા હાઈકોર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૦૧૯૮૪/૨૦૨૦ ઈ.પી.કો.૩૭૯,૪૬૧

(૨) પેટલાદ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૫૦૨૧૨૦૦૬૨૦/૨૦૨૦ ઈ.પી.કો. ૩૭૯ મુજબ.

(૩) ખંભોળજ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૫૦૧૪૨૦૦૬૩૭/૨૦૨૦ ઈ.પી.કો. ૩૭૯ મુજબ.

(૪) કઠલાલ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૪૦૨૭૨૦૧૦૦૦/૨૦૨૦ ઈ.પી.કો. ૩૭૯ મુજબ.

(૫) અડાલજ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૬૦૦૧૨૦૦૪૯૫/૨૦૨૦ ઈ.પી.કો. ૩૭૯ મુજબ.

(૬) વસ્ત્રાપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૦૬/૨૦૧૭ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯,૪૬૧

(૭) નારણપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૦૧/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૭૯,૪૬૧ મુજબ.

(૮) નારણપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૨૫/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૭૯,૪૬૧

(૯) એલિસબ્રિજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૩/૨૦૧૭ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

(૧૦) સોલા હાઈકોર્ટ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૪૪/૨૦૧૭ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯,૪૬૧

(૧૧) આનંદનગર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૬/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯,૪૬૧

(૧૨) સોલા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૨૨૮/૨૦૧૭ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯,૪૬૧

(૧૩) માધુપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૩૧/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯,૪૬૧

(૧૪) સોલા હાઈકોર્ટ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૬૨/૨૦૧૭ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯,૪૨૭

(૧૫) ગા. હવેલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૪/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૪૬૧, ૪૨૭

## આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ

(૧) શંકર મુર્ગેશ નાયડુ  મહારાષ્ટ્રના નવાપુરા થાનામાં દારૂના કેસમાં તથા સને-૨૦૧૯ માં ઉત્તરપ્રદેશ ખાતે કાનપુર ખલીલાબાદ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.
(૨) નાગરાજ વીરાસ્વામી નાયડુ સને-૨૦૧૯ માં ઉત્તરપ્રદેશ ખાતે કાનપુર ખલીલાબાદ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.
(૩) સંતોષ @ ગોકુલ @ કાળીયો  રાજુકુમાર નાયડુ સને-૨૦૧૩ માં શાહીબાગ પોલીસ સ્ટેશન, વસ્ત્રાપુર પો.સ્ટે. માં, સને-૨૦૧૪ માં બાવળા પોલીસ સ્ટેશનમાં સને-૨૦૧૯ માં ઉત્તરપ્રદેશ ખાતે કાનપુર ખલીલાબાદ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.
(૪) દિનેશ પરમશિવા નાયડુ સને-૨૦૧૯ માં ઉત્તરપ્રદેશ ખાતે કાનપુર ખલીલાબાદ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.

## આરોપીઓની ગુનો કરવાની મોડસ ઓપરેન્ડી

પકડાયેલ આરોપીઓ મહારાષ્ટ્ર રાજ્યના નંદુરબાર જિલ્લાના નવાપુર તાલુકાના વતની છે. ગુજરાતનાં અલગ-અલગ શહેરો તેમજ જિલ્લાઓમાં તેમજ ઉત્તરપ્રદેશના જુદા-જુદા શહેરોમાં પોતાની ગેંગના સભ્યો સાથે ફરી નીચે મુજબની અલગ-અલગ મોડસ ઓપરેન્ડીથી ગુનાઓ કરવાની ટેવ ધરાવે છે.
(૧) કોઈ પાર્ક કરેલ કાર લોક મારેલ જોવા મળે તો તેની આજુબાજુ રેકી કરી તે કારમાં જો કોઈ પર્સ કે બેગ કે બીજી કોઈ ચીજવસ્તુ જણાય તો રુમાલમાં છરા મુકી છરા વડે કાચ તોડી અગર તો ગાડીના દરવાજાનું લોક ખોલી ગાડીમાં મુકેલ બેગ વિગેરેની ચોરી કરતા હતા.
(૨) એક ઈસમ ગાડીની આગળ ૧૦-૧૦ ના દરની નોટો નાખી ડ્રાઈવરની નજર ચુકવી તે સમયે બીજા અન્ય ઈસમો ગાડીમાંથી પર્સ તથા બેગની ચોરી કરી નાસી જતા હતા.
(૩) ગાડીની આગળ ઓઈલ ઢોળી ગાડી ચાલકને ઓઈલ ઢોળાય છે તેમ જણાવી તેની નજર ચુકવી ગાડીમાંથી અન્ય ઈસમો પર્સ તથા બેગની ચોરી કરી નાસી જતા હતા.
(૪) બિસ્કીટ ખાઈ તેનું મેલું બનાવીને કોઈપણ માણસ ઉપર નાખી નજર ચુકવી પર્સની ચોરી કરતા હતા.

આ આરોપીઓએ આ સિવાય બીજા પણ આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ તેમજ તેઓની સાથે આ ગુનાઓમાં અન્ય કોઈ ઈસમો સંડોવાયેલ છે કે કેમ તે બાબતે સદરી આરોપીઓની સઘન પુછપરછ તપાસ ચાલું હોય આવા બીજા પણ ગુનાઓ ના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

આરોપીઓને આગળની વધુ તપાસ અર્થે સોલા હાઈકોર્ટ પો.સ્ટે. સોંપવા તજવીજ હાથ ધરેલ છે.



# ઘરફોડ ચોરીના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## કૃષ્ણનગર પો.સ્ટે વિસ્તારમાં થયેલ ઘરફોડનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલતી કૃષ્ણનગર પોલીસ સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે HS MCR તેમજ નાસતા ફરતા આરોપીઓ ચેક કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.આર.પટેલ સાહેબ નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સર્વે.સ્કોર્ડના માણસો તા.૦૧/૧૧/૨૦૨૦ ના રોજ પો.સ્ટે વિસ્તારમાંથી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વે.કોર્ડ.ના એ.એસ.આઇ અશ્વીનકુમાર રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ નાઓની સંયુકત ખાનગી બાતમી હકિકત આધારે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ-ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦ ૨૩૯૯/૨૦૨૦ તા.૩૦/૧૦/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૪૫૭,૩૮૦ મુજબના કામે ફરીયાદીશ્રી સંજયભાઇ સ/ઓ ચમનભાઇ જાતે પટણી ઉ.વ.૫૨ ધંધો-વેપાર રહે,વસંતનગરના છાપરા કલાસાગાર કોમ્લેક્ષ પાછળ ઠક્કરનગર અમદાવાદ શહેર નાઓની મકાન ને અડીને આવેલ સટર વાળી કરીયાણીની દુકાન “ જય જોગણીમાં કિરાણા સ્ટોર્સ “ નાઓની દુકાને ગઇ તા.૨૭/૧૦/૨૦૨૦ ના ક.૨૨/૦૦ વાગ્યાથી તા.૨૮/૧૦/૨૦૨૦ ના સવારના ક.૦૪/૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન રોકડા રૂ.૨૦,૦૦૦/-તથા આશરે ૨,૦૦૦/-ની પરચુરણ તથા એમ.આઇ.કંપની નો મો.ફોન કિ.રૂ.૧,૫૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૨૩,૫૦૦/-ની મત્તાની ઘરફોડ ચોરી કરનાર આરોપીને પકડી પાડી આરોપીની તા,૦૨/૧૧/૨૦૨૦ ના ક.૨૦/૦૦ વાગે અટક કરી આરોપીને સાથે રાખી તેના રહેણાંક તેમજ અન્ય જગ્યાઓએ મુદ્દામાલ રાખેલ તેની તપાસ કરી સદર ગુન્હાના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ પૈકી રોકડા રૂપિયા ૩,૦૦૦/-તથા એમ.આઇ.કંપની નો મો.ફોન કિ.રૂ.૧,૫૦૦/-તથા રૂ.૧,૧૦૦/-ની પરચુરણ રિકવર કરી ઘરફોડ ચોરીનો ગુન્હો ડિટેકટ કરી તપાસ ચાલુ રાખી સારી કામગીરી કરેલ છે તા.૦૪/૧૧/૨૦૨૦

## આરોપીનું નામ-સરનામુ:-

વિજય ઉર્ફે બટ્ટો સ/ઓ પ્રેમાભાઇ ભગવાનભાઇ જાતે વાઘેલા ઉ.વ.૨૧ ધંધો-મજુરી રહે-વસંતનગરના છાપરા રામાપીરના મંદિર પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-વાગોળા તા.ખોખા રંગારા ની બાજુમાં ઝાલોર રાજસ્થાન

### મુદ્દામાલ :-

રોકડ રૂપિયા ૩,૦૦૦/-તથા એમ.આઇ.કંપની નો મોબાઇલ ફોન કિ.રૂ.૧૫૦૦/-નો તથા રૂ.૧,૧૦૦/- પરચુરણ મળી કુલ્લે કિ.રૂ.૫,૬૦૦/-નો મુદ્દામાલ રિકવર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ અશ્વીનકુમાર રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદ્દનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ વિનોદભાઇ ગાંડાભાઇ બ.નં-૪૯૭૨ તથા લોકરક્ષક મહાવીરસિંહ ધીરૂભા બ.નં-૫૭૮ તથા બીજા સાથેના માણસો

આરોપીનો ફોટો



# વાહન ચોરી તેમજ સ્નેચીંગના આરોપીની અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન

## ૩ ટુ વ્હિલર તથા ૬ સ્નેચીંગ કરેલ એંડ્રોઇડ મોબાઇલ સાથે બે આરોપીને પકડી કુલ ૯ ગુનાનો ભેદ ઉકેલતી વટવા પોલીસ

હાલમાં દિવાળીનો તહેવાર નજીક આવતો હોઇ જે અનુસંધાને મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રીનાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ મિલક્ત સંબધી ગુનાઓ શોધવા આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોર્ડના એ.એસ.આઇ. મનોજભાઇ રણછોડભાઇ તથા અ.પો.કો.પ્રતિપાલસિંહ પ્રવિણસિંહ તથા અ.લો.ર.હરપાલસિંહ ઘંનશ્યામસિંહનાઓની ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત આધારે આજરોજ તા.૦૨.૧૧.૨૦૨૦ ના રોજ રિંગ રોડ ઉપર કેનાલ ઉપરથી (૧) બદરુદ્દીન @ મોહમદ સાબીર @ મોહમદ રફીક @ રફતાર સ/ઓ શમશાદ અહેમદ અબ્દુલ સમદ જાતે-શાહ ઉ.વ-૧૮ વર્ષ ૯ માસ રહે.૩ પ્લોટ નં-૧૪૧ શાહ આલમનગર વિભાગ-૨ નદીયા રો-હાઉસ નજીક બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર (૨) હસનેન @ નાનજી તોતલો સ/ઓ વાહિદભાઇ રંગરેજ ઉ.વ.૧૮ વર્ષ ૨૫ દિવસ રહે. ન્યુ ફૈઝલ નગર , પોલીસ ચોકીની બાજુમા આયેશા મસ્જીદની પાસે ખેડાનાકા બેરલ માર્કેટ દાણીલિમડા અમદાવાદ શહેરનાઓને એક્ટીવા જોતા એક ગ્રે કલરનુ એક્ટીવા જેની આગળ પાછળ આર.ટી.ઓ. નંબર GJ 27 AR 8641 નો જણાયેલ જેનો એંજીન નંબર જોતા JF50E82280845 તથા ચેસીસ નંબર ME4JF504KF8281208 નો જણાયેલ જેની કિ.રૂ.૨૦,૦૦૦/- પકડી પાડેલ જે બાબતે સદર બન્ને ઇસમોની ખરાઇ કરતા રિઢા ગુનેગાર હોવાનુ જણાય આવતા સદર બન્ને ઇસમોની કડકાઇથી પૂછપરછ કરતા નીચે મુજબની ગુનાની કબુલાત કરેલ છે.

(૧) આશરે સાતેક દિવસ પહેલા શાહેઆલમ મસ્જીદ પાસે ફૈસલનગર ખાતેથી ઉપરોક્ત મળી એક્ટીવા નંબર GJ 27 AR 8641 ની જેનો એંજીન નંબર JF50E82280845 તથા ચેસીસ નંબર ME4JF504KF8281208 ની ચોરી કરેલ જે બાબતે દાણીલીમડા પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં.૧૨૮૬/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ દાખલ થયેલ છે.

(૨) આશરે સાતેક દિવસ અગાઉ ઓઢવ ભવાનીનગર ટેકરા ખાતે એક ચાલીમાંથી એક સ્પ્લેન્ડર કાળા કલરનુ જેની આગળ પાછળ નંબર GJ 27 L 1091 છે જેનો એંજીન નંબર HA10EKC9F06925 તથા ચેસીસ નંબર MELHA10APC9F06260 નો જણાયેલ જેની

કિ.રૂ.૧૫,૦૦૦/- નુ ચોરી કરેલ જે બાબતે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ એ .ગુ.ર.નં. ૧૧૬૩/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ દાખલ થયેલ છે.

(૩) આશરે ત્રણેક દિવસ પહેલા નારોલ ગણેશનગર સાંજના સાડા ત્રણેક વાગ્યાની આજુબાજુમા એક બ્લેક કલરનુ એક્સેસ નંબર GJ 27 DD 5330 નો જેનો એંજીન નંબર AF211978087 તથા ચેસીસ નંબર MB8DP11ACK8C35998 નો જણાયેલ જેની કિ.રૂ.૨૫,૦૦૦/-ની ચોરી કરેલ જે બાબતે નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૯૧૯/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ દાખલ થયેલ છે.

(૪) ગઇકાલ સાંજના વટવા કેનાલ મરજાન ફ્લેટ પાસે રોડ ઉપર એક ઇસમ ફોનમા વાતચીત કરતો જતો હતો આ વખતે એક રિયલમી કંપનીનો કાળા કલરનો મોબાઇલ ફોન જેનો IMEI NO.866436042613678, 866436042613660 નો કિ.રૂ.૮૫૦૦/- નો ગણાય જે ઝુટવી લિધેલ. જે બાબતે વટવા પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ એ.ગુ.ર.નં.૧૦૬૩/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબથી ગુનો દાખલ થયેલ છે.

(૫) આશરે પાંચેક દિવસ પહેલા રાતના દસેક વાગ્યાની આસપાસ દાણીલીમડા ગુલાબનગર રોડ ઉપર એક માણસ ચાલતો જતો હતો જેના હાથમાં એક બ્લ્યુ બ્લેક કલરનો વિવો મોબાઇલ ફોન મળી આવેલ જેનો IMEI NO.860430057896092, 860430057896084 નો જણાયેલ જેની કિ.રૂ.૨૦૦૦૦/- ગણાય જે બાબતે દાણીલિમડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૨૯૪/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ દાખલ થયેલ છે.

(૬) આશરે ચારેક દિવસ પહેલા સુએજ ફાર્મ કચરાના ઢગલા પાસે રોડ ઉપર એક માણસ ચાલતો જતો હતો જેના હાથમા રહેલ એક બ્લ્યુ બ્લેક કલરનો ટેકનો કંપનીનો મોબાઇલ ફોન મળી આવેલ જેનો IMEI NO.911656903199906,911656903199914 નો જણાયેલ જેની કિ.રૂ.૧૦૦૦૦/- ગણાય જે મોબાઇલ ફોન ઝુટવી લિધેલ હતો.

(૭) આશરે ત્રણ દિવસ પહેલા બપોરના બે વાગ્યાની આસપાસ અસલાલી બ્રીજની નીચે એક માણસ નારોલ તરફ ચાલતો જતો હતો તેના હાથમાથી એક બ્લ્યુ બ્લેક કલરનો રેડમી કલરનો મોબાઇલ ફોન મળી આવેલ જેનો IMEI NO.867799048721871, 867799048721889 નો જણાયેલ જેની કિ.રૂ.૨૦૦૦૦/- ગણાય. જે મોબાઇલ ફોન ઝુટવી લિધેલ.

(૮) આશરે બે દિવસ પહેલા પોણા ચારેક વાગ્યાની આસપાસ કાંકરીયા ફુટબોલ ગ્રાઉંડ પાસે રોડ ઉપર એક માણસ ચાલતો ફોનમા વાત કરતો હતો જે વખતે તેનો એક કાળા કલરનો વિવો મોબાઇલ ફોન જેનો IMEI NO.869329055742390 નો કિ.રૂ.૨૫૦૦૦/- ગણાય જે મોબાઇલ ફોન ઝુંટવી લીધેલ.

(૯) આશરે છ એક દિવસ પહેલા દાણીલિમડા સુએજ ફાર્મ બાજુ કચરા પેટીના ડબ્બા પાસે એક માણસ ચાલતો જતો હતો અને તેના હાથમાંથી એક જીયો કંપનીનો કાળા કલરનો મોબાઇલ ફોન મળી આવેલ જેનો IMEI NO.911645851380972 નો જણાયેલ જેની કિ.રૂ.૧૦૦૦/- ગણાય જે મોબાઇલ ફોન ઝુટવી લિધેલ.

ઉપરોક્ત મળી આવેલ ૧ એક્ટીવા, ૧ એક્સેસ તથા ૧ સ્પ્લેંડર કુલ્લે ૩ ટુ વ્હિલર કિં.રૂ.૬૦૦૦૦/- તથા છ અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન કિ.રૂ.૮૪૫૦૦/- મળી કુલ્લે રૂ.૧,૪૪,૦૦૦/- નો મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામા વિગતે કબજે કરી સદર આરોપીઓને તા.૦૨.૧૧.૨૦૨૦ ના કલાક ૨૩.૪૫ વાગે અટક કરી સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબની આગળની વધુ તપાસ અ.હે.કો.શૈલેંદ્રસિંહ બટુકસિંહ નાઓ કરી રહેલ છે.તા.૦૨.૧૧.૨૦૨૦

## પકડાયેલ આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ :

(૧) બદરુદ્દીન @ મોહમદ સાબીર @ મોહમદ રફીક @ રફતાર સ/ઓ શમશાદ અહેમદ અબ્દુલ સમદ જાતે-શાહ ઉ.વ-૧૮ વર્ષ ૯ માસ

(1)વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૫૪/૨૦૧૯ ધી ઇ.પી.કો.કલમ ૩૮૦,૪૫૪ મુજબ (જુવેનાઇલ)

(૨) હસનેન @ નાનજી તોતલો સ/ઓ વાહિદભાઇ રંગરેજ ઉ.વ.૧૮ વર્ષ ૨૫ દિવસ

(1) કાલૂપૂર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૦૦૯૮/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (જુવેનાઇલ)

(2)દાણીલીમડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૦૦૫/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૨૫,૪૨૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ (જુવેનાઇલ)

(3) નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં.૦૬૪૧/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (જુવેનાઇલ)



(૧) એક્ટીવા  નંબર GJ 27 AR 8641 ની જેનો એંજીન નંબર JF50E82280845 તથા ચેસીસ નંબર ME4JF504KF8281208 ની ચોરી કરેલ જે બાબતે દાણીલીમડા પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં.૧૨૮૬/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ દાખલ થયેલ છે.

(૨) એક સ્પ્લેન્ડર કાળા કલરનુ જેની આગળ પાછળ નંબર GJ 27 L 1091 છે જેનો એંજીન નંબર HA10EKC9F06925 તથા ચેસીસ નંબર MELHA10APC9F06260 નો જણાયેલ જેની કિ.રૂ.૧૫,૦૦૦/- નુ ચોરી કરેલ જે બાબતે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ એ .ગુ.ર.નં. ૧૧૬૩/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ દાખલ થયેલ છે.

(૩) નારોલ ગણેશનગર સાંજના સાડા ત્રણેક વાગ્યાની આજુબાજુમા એક બ્લેક કલરનુ એક્સેસ નંબર GJ 27 DD 5330 નો જેનો એંજીન નંબર  AF211978087 તથા ચેસીસ નંબર MB8DP11ACK8C35998 નો જણાયેલ જેની કિ.રૂ.૨૫,૦૦૦/-ની ચોરી કરેલ જે બાબતે નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૯૧૯/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ દાખલ થયેલ છે.

(૪) ગઇકાલ સાંજના વટવા કેનાલ મરજાન ફ્લેટ પાસે રોડ ઉપર એક ઇસમ ફોનમા વાતચીત કરતો જતો હતો આ વખતે એક રિયલમી કંપનીનો કાળા કલરનો મોબાઇલ ફોન જેનો IMEI NO.866436042613678, 866436042613660 નો કિ.રૂ.૮૫૦૦/- નો ગણાય જે ઝુટવી લિધેલ. જે બાબતે વટવા પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ એ.ગુ.ર.નં.૧૦૬૩/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબથી ગુનો દાખલ થયેલ છે.

(૫) આશરે પાંચેક દિવસ પહેલા રાતના દસેક વાગ્યાની આસપાસ દાણીલીમડા ગુલાબનગર રોડ ઉપર એક માણસ ચાલતો જતો હતો જેના હાથમાં એક બ્લ્યુ બ્લેક કલરનો વિવો મોબાઇલ ફોન મળી આવેલ જેનો IMEI NO.860430057896092, 860430057896084 નો જણાયેલ જેની કિ.રૂ.૨૦૦૦૦/- ગણાય જે બાબતે દાણીલિમડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૨૯૪/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ દાખલ થયેલ છે.

(૬)  આશરે ચારેક દિવસ પહેલા સુએજ ફાર્મ કચરાના ઢગલા પાસે રોડ ઉપર એક માણસ ચાલતો જતો હતો જેના હાથમા રહેલ એક બ્લ્યુ બ્લેક કલરનો ટેકનો કંપનીનો મોબાઇલ ફોન મળી આવેલ જેનો IMEI NO.911656903199906, 911656903199914 નો જણાયેલ જેની કિ.રૂ.૧૦૦૦૦/- ગણાય જે મોબાઇલ ફોન ઝુટવી લિધેલ હતો.

(૭) આશરે ત્રણ દિવસ પહેલા બપોરના બે વાગ્યાની આસપાસ અસલાલી બ્રીજની નીચે એક માણસ નારોલ તરફ ચાલતો જતો હતો તેના હાથમાથી એક બ્લ્યુ બ્લેક કલરનો રેડમી કલરનો મોબાઇલ ફોન મળી આવેલ જેનો IMEI NO.867799048721871, 867799048721889 નો જણાયેલ જેની કિ.રૂ.૨૦૦૦૦/- ગણાય. જે મોબાઇલ ફોન ઝુટવી લિઘેલ.

(૮) આશરે બે દિવસ પહેલા પોણા ચારેક વાગ્યાની આસપાસ કાંકરીયા ફુટબોલ ગ્રાઉંડ પાસે રોડ ઉપર એક માણસ ચાલતો ફોનમા વાત કરતો હતો જે વખતે તેનો એક કાળા કલરનો વિવો મોબાઇલ ફોન જેનો IMEI NO.869329055742390 નો કિ.રૂ.૨૫૦૦૦/- ગણાય જે મોબાઇલ ફોન ઝુંટવી લીઘેલ.

(૯) આશરે છ એક દિવસ પહેલા દાણીલિમડા સુએજ ફાર્મ બાજુ કચરા પેટીના ડબ્બા પાસે એક માણસ ચાલતો જતો હતો અને તેના હાથમાંથી એક જીયો કંપનીનો કાળા કલરનો મોબાઇલ ફોન મળી આવેલ જેનો IMEI NO.911645851380972 નો જણાયેલ જેની કિ.રૂ.૧૦૦૦/- ગણાય જે મોબાઇલ ફોન ઝુટવી લિઘેલ.

# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહિબીશનના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે સોમાજી કુલાજી જાતે. ઠાકોર ઉ.વ.૪૦ ધંધો- મજુરી રહે. ભગવાનભાઈની ચાલી, પ્રેમાનંદ આશ્રમની બાજુમાં, છેલ્લા બસ સ્ટેન્ડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૨૬૦/૨૦૧૮ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૩૫૫/૨૦૧૯ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ-C-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૦૨૪/૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ ના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૧૩૨/૨૦૨૦ તા.૨૭/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયતી તરીકે "મધ્યસ્થ જેલ લાજપોર-સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી પાસા અટકાયતી અટકાયતીને આજરોજ તા.૦૩/૧૧/૨૦૨૦ ના કલાક ૧૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ લાજપોર-સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૦૩/૧૧/૨૦૨૦

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫

પાસા અટકાયતી ઈસમનો ફોટો



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૮૯૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી ૨૨૩ લીટર દેશી દારૂ, ૨૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૮૯૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયા:-** **સમાચાર યાદી નં.૧૮૯૮/૨૦૨૦**

**વાડજ:** વિરેન્દ્રસિહ સુશીલકુમાર રાઠોડ (ઉ.વ.૨૭) (રહે. પુજા એપાર્ટમેન્ટ ઝવેરી બંગલોઝ પાસે ભાઇકાકાનગર થલતેજ) તા.૦૩/૧૧/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઉસ્માનપુરા વિશ્વકોશ ભવન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નંબર પ્લેટ વગરની કાળા રંગેની પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિરેન્દ્રસિહ રાઠોડના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિરેન્દ્રસિહ રાઠોડે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**વાહન ચોરી:-** **સમાચાર યાદી નં.૧૮૯૯/૨૦૨૦**

**નારણપુરા:** જોરારામ નેમારામ દેવાસી (રહે. સીંદુર પાર્ટી પ્લોટ પ્રગતીનગર નારણપુરા) એ તા.૦૨/૧૧/૨૦૨૦ રાતના ૧૧/૦૦ વાગે સીંદુર પાર્ટી પ્લોટ પાછળ ખુલ્લી જગ્યામાં પોતાની ઈકો ગાડી નંબર જીજે ૦૧ એચયુ ૧૬૮૫ કિમત રૂપિયા ૩,૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૩/૧૧/૨૦૨૦ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જોરારામ દેવાસીએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૯૦૦/૨૦૨૦**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન:** સુનિલકુમાર શિવાજી કશ્યપ (ઉ.વ.૩૦) (રહે.હરીઓમ પાર્ક બચુભાઈનો કુવો વટવા ) તા.૦૩/૧૧/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે રામોલ એક્સપ્રેસ બ્રીજ ચઢતા ત્રણ રસ્તા નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા સુનિલકુમારને ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સુનિલકુમારના સાળા અમરનાથ રાજકુમાર કશ્યપ એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૦૧/૨૦૨૦**

**સરદારનગરઃ** વૈશાલીબહેન વા/ઓફ ગીરીશકુમાર પરમાર (ઉ.વ.૨૩) (રહે. અંબિકાનગર નરોડા રેલ્વે સ્ટેશન સામે નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

**સાબરમતીઃ** રણજીતસિહ પ્રવિણસિહ ઝાલા (ઉ.વ.૨૭) (રહે. ગંગારામ ફલેટ બ્લોક-પી ચોથો માળના છત પર ઓરડીમાં ધર્મનગર રેલ્વે સ્ટેશન સામે સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૧/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી